**ફોજદારી પરચુરણ અરજી નંબર– ૩૨૦ / ૨૦૧૫**

**–: આંક – ૧ નીચે હુકમ :–**

હાલની અરજી તથા ફરીયાદ તથા કેસનુ સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં, ના. સુપ્રિમ કોર્ટના ચુકાદા દશરથ રૂપસિંહ રાઠોડ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર તથા અન્ય, ક્રિ.અ.નં.૨૨૮૭/૦૯ ના કામે તા.૧/૮/૧૪ નાં રોજ કરવામાં આવેલ હુકમ અનુસાર હાલની ફરીયાદ અત્રેની કોર્ટમાં **હકુમત**ના કારણોસર અન્ય કોર્ટ માંથી ટ્રાન્સફર થઈ આવેલી છે અને આ કોર્ટમાં તા.૩૧/૦૧/૧૫ ના રોજ દાખલ કરવામાં આવેલ છે અને જે તે સમયે મારા પુરોગામી ન્યાયાધીશ ધ્વારા સદર ફરીયાદને ફોજદારી પરચુરણ અરજીમાં રાખવાનો હુકમ કરવામાં આવેલ છે.

ત્યાર બાદ ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ (એમેન્ડમેન્ટ) એકટ–૨૦૧૫, તા.૧૫/૦૬/૨૦૧૫ ના રોજ અમલમાં આવેલ નવા સુધારા અન્વયે કલમ–૧૪૨(૨)(એ) માં હકુમત અંગે સ્પષ્ટતા કરી દેવામાં આવતા, આ કામના ફરીયાદીના વિ.વ.શ્રી ધ્વારા અરજી આપી રજુઆત કરેલ છે કે, અમો અમારી ફરીયાદ અમારા પ્રથમ/ઓરીજનલ જયુરીડિકશનમાં દાખલ કરવા માંગીએ છીએ જેથી અમારી ફરીયાદ ઓરીજનલ જયુરીડિકશનમાં દાખલ કરવા પરત કરવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

આમ, ઉપરોકત તમામ હકિકત તથા રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદીને પોતાની ફરીયાદ કયા જયુરીડીકશનમાં દાખલ કરવી તે ફરીયાદીનો હકક છે અને પ્રસ્તુત કેસમાં હકુમત અંગે કાયદામાં સ્પષ્ટતા થઈ ગયા બાદ ફરીયાદી પોતાની ફરીયાદ પોતાના પ્રથમ/ઓરીજનલ જયુરીડીકશનમાં દાખલ કરવા માગે છે, જેથી હાલની આ ડીલે અરજી તથા ફરીયાદ ફરીયાદીને પોતાના પ્રથમ/ ઓરીજનલ જયુરીડીકશનમાં દાખલ કરવા પરત સોંપવી ન્યાયોચિત જણાતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

– હાલની ડીલે અરજી તથા ફરીયાદ સક્ષમ હકુમત ધરાવતી કોર્ટમાં રજુ કરવા અર્થે ડીલે અરજી તથા ફરીયાદ તથા દસ્તાવેજી પુરાવાની ખરી નકલ રજુ કર્યેથી ફરીયાદીને ફરી દાખલ કરવાની પરવાનગી સાથે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.
– હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

રાજકોટ.
તારીખ:૧/૩/૨૦૧૭

(મયુર.ડી. બ્રહમભટ્ટ )
૧૨ માં એડિ.ચીફ જયુડી. મેજી.શ્રી,
રાજકોટ.